વિષય:- સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલ સારુ સરકારી તંત્ર અને સિંચાઈના ખેડૂત સંગઠનો વચ્ચે કરવાના સમજૂતીના કરારનો નમૂનો (કલમ-૬ અને ૧૪ નો સુધારો).

ગુજરાત સરકાર,
નર્મદા અને જળ સંપત્તિ પાણી પૂરવઠા અને
કલ્પસર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
ઠરાવ નંબર-પી.આઈ.એમ.૧૦૯૫-ર-(ર)ક૧,
તારીખ: ૧૬/૧૨/૨૦૦૬

સંદર્ભ: (૧) આ વિભાગનો તારીખ:- ૨૨/૧૧/૯૫ નો પરિપત્ર ક્રમાંક:- પીઆઈએમ/ ૧૦૯૫(ર)/સી.૧/ક.૧
(૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૦/૫/૧૯૯૬ નો પરિપત્ર.
(૩) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫/૧૧/૧૯૯૬ નો પરિપત્ર.
(૪) વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૩૦/૮/૧૯૯૭ નો પરિપત્ર.
(૫) વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૪/૦૬/૨૦૦૫ નો પરિપત્ર.

**: આમુખ :**

સહભાગી સિંચાઈ અમલીકરણની કાર્યવાહી માટે સરકારી અને પંચાયત તંત્ર અને ખેડૂત સંગઠનો વચ્ચે જવાબદારી પૂર્વકની ભાગીદારીના કરારનો નમૂનો નિયત કરવામાં આવેલ હતો. જેને તત્કાલિન નર્મદા જળ સંપત્તિ વિભાગના "સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલ સારુ સરકારી તંત્ર અને ખેડુત સંગઠનો વચ્ચે કરવાના સમજુતીના કરારનો નમુનો" વિષયેના પરિપત્ર ક્રમાંક: પીઆઈએમ/૧૦૯૫/ર/(ર)/સી૧ તારીખ: ૨૨/૧૧/૧૯૯૫ સાથે પરિશિષ્ઠથી પરિપત્રિત કરવામાં આવેલ હતો.

"રાજયમાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા (PIM)ના ઝડપી અમલીકરણ" અંગે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને તારીખ: ૨૨/૦૨/૨૦૦૬ના રોજ મળેલ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા અને લેવાયેલ નિર્ણય અન્વયે આ કરારનામાની કલમ નંબર: ૬ અને ૧૪માં સુધારા વધારા બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સદરહુ બેઠકની ચર્ચા વિચારણા અને લેવાયેલ નિર્ણયની વિગતો અનુસાર સહભાગી સિંચાઇ વ્યવસ્થા અમલીકરણમાં વિતરણ(Distributory)/શાખા(Branch) તેમજ મુખ્ય(Main) નહેર કક્ષાએ લાભિત મંડળીઓના સંઘો/ફેડરેશનોની માન્યતા આપવા બાબતે વિગતવાર ચર્ચા થયેલ. હાલમાં આ બાબતે વિભાગ તરફથી માઇનોર કક્ષા સુધીની મંડળીઓને સહાયરૂપ થવા સારુ મંડળીઓ સમયસર ૧૦૦% પિયાવાની રકમ સરકારમાં સમયસર જમા કરાવે તો મંડળીને વિતરણ નહેર કક્ષા સુધીની નહેરોના સામાન્ય મરામત અને જાળવણી ના કામો માટે ૩૦ % તેમજ પોતાની સંસ્થાના સંચાલન માટે ૨૦ % વળતર ચુકવવાની જોગવાઇઓ છે. વિભાગના ઉપરોકત તારીખ: ૨૨/૧૧/૧૯૯૫ ના પરિપત્ર સાથે પરિપત્રિત કરવામાં આવેલ સમજુતિના કરારનામાની કલમ નં.(૬) તેમજ (૧૪)થી આ જોગવાઇઓ બહાર પાડવામાં આવેલ છે, જે હાલ અમલમાં છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી માઇનોર કક્ષાથી ઉપરના લેવલની નહેરોના સંઘો/ફેડરેશનો માટે સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ ટાસ્કફોર્સના અહેવાલ મુજબ વળતરના દર જાહેર કરવા અંગેની કરેલ રજુઆત અન્વયે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ. વધુમાં ટાસ્કફોર્સની ભલામણ મુજબ લાભિત ખેડુત સંગઠનો/મંડળીઓ ૧૦૦ % પિયાવાની રકમની સમયસર વસુલાત કરે તો મંડળીઓને માઇનોર કક્ષા સુધીની નહેરોના સામાન્ય મરામત અને જાળવણીના કામો માટે ૩૦ % તેમજ પોતાની સંસ્થાના સંચાલન માટે ૨૦ % વળતર ચુકવવા ઉપરાંત વિતરણ/શાખા નહેર કક્ષાના સંઘ/ફેડરેશનને ૨૦ % વળતર, તથા પ્રોજેકટ કક્ષાના સંઘ/ફેડરેશનને ૨૦ % વળતર મળીને કુલ ૯૦ % વળતર બધી નહેરોના સામાન્ય મરામત અને જાળવણી ના કામો અને સંસ્થાના સંચાલન પેટે ચુકવતાં, બાકી રહેતી ૧૦ % રકમ સરકારશ્રીને મળે. તેમ જ જો કોઇ સિંચાઇ યોજનામાં ચાર સ્તરીય લાભિત મંડળીઓ/સંઘ ફેડરેશનોની સિંચાઇ વ્યવસ્થામાં જરરીયાત ઉભી થાય તો, ઉપર મુજબ માઇનોર કક્ષાની લાભિત ખેડુતોની મંડળીઓને મળતી કુલ ૫૦ % વળતર પછી, વિતરણ નહેર કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૨૦ % વળતર, શાખા નહેર કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૧૦ % વળતર, તેમજ પ્રોજેકટ કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૧૦ % મળીને કુલ ૯૦% વળતર થાય.

આ મુદ્દે સદરહુ બેઠકમાં વિગતવાર ચર્ચા થતાં, ધ્યાન પર આવેલ કે: (૧) જેમ જેમ નહેરોના સામાન્ય મરામત અને જાળવણી ના કામો ખેડૂત સંગઠનોને હસ્તાંતરીત કરી દેવામાં આવશે તેમ તેમ વિભાગનો મહેકમનો બોજો ઘટશે અને સરકારનો તે બદલ એકંદરે નોન પ્લાન સદરે ખર્ચ ઘટશે. (૨) હાલ નોન પ્લાન સદરે ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી મહેકમ પાછળ આશરે ૮૦ થી ૮૫ % ખર્ચ થઇ જાય છે. જયારે બાકીની બચતમાંથી વિકાસકીય કામો કરી શકાય છે. આમ હોઇને સરવાળે, ઉત્તરોતર મહેકમના ખર્ચ અને વિકાસકીય કામ પાછળના ખર્ચના રેશિયામાં પણ સુધારો થશે. અને આ ઉપરાંત પણ (૩) વિભાગ દ્વારા યોજનાઓના આ કામો માટે નોન પ્લાન સદરે થતાં ખર્ચના પ્રમાણમાં બધી નહેરોની મરામત-નિભાવણી અને સિંચાઇ વ્યવસ્થા ખેડુત મંડળીઓ ૧૦૦ % પિયાવાની રકમમાંથી ૯૦ % રકમથી ચલાવે તો પણ સરકારશ્રીને ઘણો ફાયદો થાય તેમ છે. આમ પાણીના દરોની સરકારી રેવન્યુમાં થનાર ઘટાડાની સાપેક્ષમાં સરકારના ખર્ચના ભારણમાં થનાર બચત ઘણી વધારે હશે. આ હકીકતોને ગણતરીમાં લઇને બેઠકમાં ચર્ચાને અંતે ટાસ્કફોર્સની ઉપર મુજબની ભલામણોને અનુરુપ સંબંધિત પરિપત્રમાં જરુરી સુધારા વધારા બહાર પાડવા સહમતી સધાયેલ છે. વિભાગને પણ આ નિર્ણય સરકારના જાહેર હિતમાં લેવાયેલો જણાય છે.

રાજયમાં સહભાગી સિંચાઇના વિકાસ માટે રચાયેલ ટાસ્કફોર્સના અહેવાલની ભલામણોની સરકારમાં ઉચ્ચ કક્ષાએ વિચારણા કરવામાં આવેલ છે. ઉપરોકત બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર ટાસ્કફોર્સની ભલામણ મુજબ સબંધિત પરિપત્રના કરારનામાના પરિશિષ્ઠમાં સુધારા વધારા કરવાના નિર્ણયનો, ઉપરોકત સમગ્ર હકીકતોને અનુલક્ષીને વિભાગે સ્વીકાર કરેલ છે. જેના અનુસંધાને સહભાગી સિંચાઈ વ્યવસ્થાનાં અમલ સારૂ સરકારી તંત્ર અને સિંચાઈના ખેડૂત સંગઠનો વચ્ચે કરવાના સમજુતીના કરારનો નમુનાના પરિપત્રમાં સામેલ કરવામાં આવેલ સમજુતીના કરારનામાની કલમો પૈકી કલમ ક્રમાંક: ૬ અને ૧૪ માં જરુરી સુધારા વધારા બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે કલમ ક્રમાંક-૬ અને ૧૪ ની વિગતો નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ</u> :-**

સહભાગી સિંચાઈ વ્યવસ્થાનાં ઝડપી અમલીકરણ સારૂ સરકારી તંત્ર અને સિંચાઈના ખેડૂત સંગઠનો વચ્ચે કરવાના સમજુતીના કરારના નમુનાના પરિપત્રમાં સામેલ કરવામાં આવેલ સમજુતીના કરારનામાની કલમો પૈકી કલમ ક્રમાંક: ૬ અને ૧૪ આથી રદ્ કરવામાં આવે છે અને તેની જગ્યાએ નીચેના ફેરફારો સાથેની કલમ ક્રમાંક-૬ અને ૧૪ સામેલ કરવામાં આવે છે. સંદર્ભ ૧ થી ૫ ના પરિપત્રોથી અમલમાંઆવેલ અન્ય જોગવાઇઓની અમલવારી યથાવત રહેશે.

કલમ-૬ :-

પિયત મંડળી, સંઘ/ફેડરેશને તેમને સંલગ્ન નીચે મુજબની પેરા-(અ) માં જણાવેલ પિયત સગવડોની સામાન્ય મરામત અને જાળવણીની જવાબદારીઓ અદા કરવાની રહેશે અને તે માટે સરકારશ્રીમાં બીલ ભરવાની નિયત તારીખ પ્રમાણે મંડળી પાણીના દરોની ૧૦૦ ટકા વસુલાત કરી શકે તો તે માટે વસુલ કરવામાં આવેલ કુલ પાણીના દરમાંથી નીચેની વિગતે ખાતા તરફથી પેરા-(બ) માં જણાવેલ વળતર તરીકે મળવાપાત્ર રહેશે.

(અ) જવાબદારીઓ:

૧. સબંધિત મંડળી કે સંઘ/ફેડરેશને માઈનોર, વિતરણ, શાખા કે મુખ્ય નહેરો સુધીના તેમને સંલગ્ન મરામત અને જાળવણીનું કામ અને ગાળ કાઢવાનું (ડી-સીલ્ટીંગનું) કામ.
૨. સર્વિસરોડ અને નિરીક્ષણ રસ્તા સારી હાલતમાં રાખવા.
૩. ઘાસ, રોપા અને ઝાડ કાઢવાનું કામ.
૪. સ્ટ્રકચરને સારી હાલતમાં રાખવાં.
૫. આઉટલેટ ગેટ સીલ વગેરેને સારી હાલતમાં રાખવાં.
૬. ઢાળીયાં તથા કાંસની જાળવણી.

ઉપર જણાવેલ સામાન્ય મરામતના કામો સિવાયનાં મંડળી/સંઘના કાબુ બહારનાં સંજોગો તથા કુદરતી કારણોસર કરવાનાં થતાં ખાસ મરામતનાં કામો માટે મંડળી/સંઘ સાથે પરામર્શ કરી જરૂરી કાર્યવાહી સરકારશ્રીની નીતિ પ્રમાણે કરવામાં આવશે.

(બ) વળતર:

| ક્રમ | સંસ્થા | વસુલ કરવામાં આવેલ કુલ પાણીના દરમાંથી રીબેટ માટે ની ટકાવારી |
|---|---|---|
| ૧ | માઈનોર કક્ષા સુધીની મંડળી | ૩૦ % |
| ૨ | વિતરણ/શાખા નહેર કક્ષાનું સંઘ/ફેડરેશન. | ૨૦ % |
| ૩ | પ્રોજેકટ કક્ષાનું સંઘ/ફેડરેશન | ૨૦ % |
| ૪ | જયારે કોઇ સિંચાઇ યોજનામાં ઉપર જણાવ્યા મુજબની ત્રિસ્તરીયના બદલે ચાર સ્તરીય લાભિત મંડળીઓ/સંઘ ફેડરેશનોની સિંચાઇ વ્યવસ્થાની જરૂરીયાત ઉભી થાય તો, ઉપર મુજબ માઇનોર કક્ષાની લાભિત ખેડુતોની મંડળીઓને મળતા ૩૦ % વળતર પછી વિતરણ નહેર કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૨૦ % વળતર, શાખા નહેર કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૧૦ % વળતર, તેમજ પ્રોજેકટ કક્ષાના સંઘ/ફેડરેશન માટે ૧૦ % વળતર ગણવું. | |

વળતરની રકમ ઠરાવની તારીખે અમલી સિંચાઈના પાણીના દરની નિયત કરેલ ઉપરોકત ટકાવારીથી વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. ખરેખર વળતરની રકમ પાણીના દરને આધારિત ન હોઈ, જો ભવિષ્યમાં સિંચાઈના પાણીના દરોમાં સબસીડી ઓછી કરવા કે અન્ય કારણોસર વધારો થાય તો, તે પ્રમાણે વળતરની રકમમાં બીનજરુરી ખુબ મોટો વધારો ન થાય તે માટે, ઉપર ટેબલમાં જણાવેલ વળતરની ટકાવારી અંગે ફેરવિચારણા કરવાની રહેશે અને સરકારશ્રી નક્કી કરે તે મુજબની ટકાવારીથી વળતરની રકમ અમલી રહેશે.

**કલમ-૧૪:-**

પિયત મંડળી/ સંઘએ પાણીના વિતરણની તેમજ પાણીના દર સભ્યો પાસેથી વસુલ કરવાની જવાબદારી અદા કરવાની રહેશે. અને તે મુજબ સરકારશ્રીમાં બીલ ભરવાની નિયત તારીખ પહેલાં ૧૦૦ ટકા વસુલાત મંડળી કરી શકે તો વસુલાતની રકમના ૨૦ ટકાના દરે મંડળીને રીબેટ મળવાપાત્ર રહેશે.

મંડળી, સંઘ/ફેડરેશનને નહેરોના સામાન્ય મરામત અને જાળવણી ના કામો માટે મળેલ વળતરના નાણાં ખરેખર નહેરોના સામાન્ય મરામત અને જાળવણી ના કામો માટેજ વપરાય છે, તેની ખાતરી ક્ષેત્રિય અધિકારીઓએ કરવાની રહેશે. જરૂર પડયે આ નાણાં આ માટેના બેન્કના એક અલગ જ ખાતામાં રાખવામાં આવે અને મંડળી, સંઘ/ડેડરેશનની સાધારણ સભાની મંજુરી લઈને વાપરવામાં આવે તેવી ગોઠવણ કરવામાં આવે.

આ હુકમો સરખાક્રમાંકની ફાઇલ ઉપર નાણાંવિભાગની તારીખ: ૦૭/૧૦/૨૦૦૬ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એ.બી.ઠક્કર)**
ખાસ ફરજ પરના અધિકારી (પી.પી.એમ.)
નર્મદા , જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ,
ગાંધીનગર.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

વાય-૫૦૫-૨૪